| | |
|---|---|
| | # ગુજરાત જાહેર સેવા આયોગ |
| | સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦ |

આર-૭ શાખા

**જાહેરાત ક્રમાંક : ૪૧/૨૦૨૦-૨૧**, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) હસ્તકની ઇજનેરી સેવા અંતર્ગત કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૧ અને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૨ ની નીચે દર્શાવેલ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ **તારીખ- ૧૦/૧૧/૨૦૨૦, ૧૩:૦૦ કલાક થી તારીખ- ૦૧/૧૨/૨૦૨૦, ૧૩:૦૦ કલાક** સુધી મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યાર બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**જાહેરાત ક્રમાંક. ૪૧/૨૦૨૦-૨૧, કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૧ અને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૨ માં પસંદગીની પ્રક્રિયા માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.**

1) **પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ, મુખ્ય લેખિત પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષાના પરિણામ, રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસની વિગતો તથા કક્ષાવાર જગ્યાઓ નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | મુખ્ય લેખિત પરીક્ષાની સૂચિત તારીખ | મુખ્ય લેખિત પરીક્ષાના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૧/૨૦૨૦-૨૧ | કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૧ અને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૨ | ૧૪/૦૩/૨૦૨૧ | એપ્રિલ-૨૦૨૧ | ૦૫, ૦૬ અને ૧૩ જૂન-૨૦૨૧ | સપ્ટે-૨૦૨૧ | નવે-૨૦૨૧ |

**આખરી પરિણામ :** રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમિયાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | આ.ન.વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સામાન્ય | આ.ન.વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | | |
| ૪૧/૨૦૨૦-૨૧ | **વર્ગ-૧** | | | | | | | | | | | | | |
| | કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૧ | ૦૮ | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **વર્ગ-૨** | | | | | | | | | | | | | |
| | નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૨ | ૨૦ | ૦૯ | ૦૧ | ૧૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

## 2) શારીરિક અશક્તતા :

ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | શારીરિક અશક્તતા | ટકાવારી |
|---|---|---|---|
| ૪૧/૨૦૨૦-૨૧ | કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૧ અને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૨ | H.H. | More than 40% Less than 100% |
| | | OA, OL | -- |

H.H.= HEARING HANDICAPPED
OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT)
OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT)

## 3) જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ :- કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૧ અને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ), વર્ગ-૨ | |
|---|---|---|
| ૪૧/૨૦૨૦-૨૧ | શૈક્ષણિક લાયકાત | (a) possess a Bachelor's degree of Engineering (Civil) or Technology (Civil) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possesses an equivalent qualification recognised by the Government.<br>Provided that the candidate who has |

| | | |
|---|---|---|
| | | appeared at a degree examination, the passing of which would render him educationally qualified for the Examination mentioned in sub-regulation (a), but the result is not declared, shall also be eligible for admission to the Preliminary Examination.<br>All candidates who are declared qualified by the commission for appearing in the Main Examination shall be required to produce proof of passing the degree examination along with their application for the Main Examination. The candidate who fails to produce the proof of passing the degree examination shall not be eligible for admission to Main Examination. |
| | વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ: ૦૧/૧૨/૨૦૨૦ ના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પુરા કરેલા હોવા જોઈએ અને ૩૫ વર્ષ પુરા કરેલા ન હોવા જોઈએ. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | પગાર ધોરણ | 1) Executive Engineer(Civil) - Pay scale Rs. 67,700-2,08,700/- [Level- 11] in the GWSSB service<br>2) Deputy Executive Engineer(Civil) - Pay scale Rs. 53,100-1,67,800/- [Level-9] in the GWSSB service |

સદરહુ જાહેરાતમાં અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી **તારીખ:૦૧/૧૨/૨૦૨૦** સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરીણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે. જો કે મુખ્ય પરીક્ષા માટે આયોગે જે ઉમેદવારોને લાયક ઠરાવેલ હોય તેવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે પદવી પરીક્ષા પાસ કર્યા અંગેના પુરાવા અપલોડ કરવાના રહેશે.

જે ઉમેદવાર પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજુ કરી શકશે નહિ તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહિ.

**4)** 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

**5)** ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

## 6) વયમર્યાદા :-

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

## 7) પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :-

**પરીક્ષાની રૂપરેખા :** સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર ત્રણ તબક્કામાં યોજવામાં આવશે.

**(A) Stage – I પ્રિલિમિનરી પરીક્ષા (Objective type) :** મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા.

**પ્રિલિમિનરી પરીક્ષા [Objective Type (Multiple Choice questions)] :**

| Paper No | Subject | Marks | Duration |
|---|---|---|---|
| Paper-I | Part-1 General Studies (Medium-Gujarati & English)<br>Part-2 Civil Engineering Aptitude (Medium-English) | 100 Marks<br>100 Marks | 2 hours |
| Paper-II | Civil Engineering (Medium-English) | 300 Marks | 3 hours |
| | **Total** | **500 Marks** | |

**Note:**

1. The syllabus for the question paper – I and II shall be such as may be prescribed and notified by the Commission.
2. The question papers shall be of the objective type (Multiple choice questions).
3. The question Part 1 of paper – I shall be in Gujarati and English medium while question Part 2 of paper – I and question paper – II shall be in English medium.

4. The blind candidates shall be allowed compensatory time of twenty minutes per hour for each paper.
5. The standard of the course content of the syllabus for part – 2 of paper – I and entire paper – II, shall be of degree level.
6. The Number of candidates to be allowed to appear to the Main Examination shall be about Fifteen times the total approximate number of vacancies so advertised.

**(B) Stage – II_મુખ્ય પરીક્ષા (લેખિત) નિશ્ચિત જગ્યાઓ માટે આખરી પસંદગી માટે ઉમેદવારો પસંદ કરવા.**

**મુખ્ય પરીક્ષા (લેખિત) [Descriptive (Convetional) Type] :**

| Paper No | Subject | Marks | Duration |
|---|---|---|---|
| Paper-I | Gujarati Language (Medium-Gujarati) | 100 Marks | 2 hours |
| Paper-II | English Language (Medium-English) | 100 Marks | 2 hours |
| Paper-III | Civil Engineering –I (Medium-English) | 200 Marks | 3 hours |
| Paper-IV | Civil Engineering –II (Medium-English) | 200 Marks | 3 hours |
| Paper-V | Civil Engineering –III (Medium-English) | 200 Marks | 3 hours |
| | **Total** | **800 Marks** | |

**Note:**

1. The Standard of Paper – I of Gujarati Language shall be equivalent to Gujarati subjects (higher level) of Twelfth standard of the Gujarat Secondary and Higher Secondary Education Board.
2. The question papers for the main examination shall be of conventional (Descriptive) type.
3. The syllabus and course content for the question Paper-I to Paper-V shall be prescribed.
4. The blind candidates shall be allowed compensatory time of twenty minutes per hour for each paper.
5. The question Papers of Paper I shall be in Gujarati and Paper- II to V shall be in English.

**(C) Stage – III મૌખિક કસોટી (રૂબરૂ મુલાકાત) (Interview) : 100 Marks**

1. The Number of candidates to be called for the Interview shall be about the thrice the number of vacancies so advertised.
2. The marks obtained by the candidates in the Main Examination and Interview shall be determined their Final ranking.

**અભ્યાસક્રમ :**

પ્રિલિમિનરી પરીક્ષા **(objective type)** અને મુખ્ય પરીક્ષા (લેખિત) **(Descriptive type)** નો વિગતવાર અભ્યાસક્રમ આયોગની વેબસાઈટ http://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર જાહેરાતની સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે.

## * રૂબરૂ મુલાકાત સમયે આપવાનો થતો જગ્યા / સેવાની પસંદગીનો ક્રમ :

(૧) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે ફકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા /સેવા માટે જ દરેક જગ્યા /સેવા માટે પોતાની પસંદગી અનુસાર આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે પત્રકમાં પોતાના સ્વહસ્તાક્ષરમાં જ પસંદગીક્રમ દર્શાવવાનો રહેશે.

(૨) ઉમેદવાર જે જગ્યા /સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એક વખત દર્શાવી દે તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારના ફેરફાર, સુધારા – વધારા, અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

(૩) ઉમેદવારોએ જણાવેલી જગ્યાઓ માટેના પ્રેફરન્સથી તે જગાઓ ઉપર નિમણૂકનો કોઈ હક્ક મળતો નથી.

(૪) ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ પ્રેફરન્સ વિચારણામાં લેવામાં આવશે.

(૫) જે ઉમેદવારે એક પણ જગ્યા / સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફકત અમુક જ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓની પસંદગી ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે.

(૬) ઉમેદવારની નિમણૂક જે તે જગ્યાના અમલમાં હોય તેવા ભરતી નિયમોને આધિન રહેશે.

(૭) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂક આપવામાં આવશે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂક રદ કરવામાં આવશે.

(૮) શારીરિક રીતે અશકત ઉમેદવારોના કિસ્સામાં જે તે જગ્યાના શારીરિક માપના ધોરણો લાગુ પડશે અને ઉમેદવારો આ જગ્યાઓ માટે જ પ્રેફરન્સ આપી શકશે.

## 8) નોંધ :-

**(૧) ઉપરોક્ત જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ(GWSSB) ના કર્મચારી ગણાશે, તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.**

(૨) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(3) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૪) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૫) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી “Editable” છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો “Edit” વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦)ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં. જે ઉમેદવારોને પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે, તેઓને આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી online અરજીપત્રક તેમજ નિયત ફી ભર્યા બાદ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

(૧૧) ઉમેદવારે જે-તે લાગુ પડતા અનામત વર્ગ વગેરે અંગે અરજીપત્રકમાં કાળજીપૂર્વક ખાતરી કરી જરૂરી ચકાસણી કરીને જ જણાવવા અનુરોધ કરવામાં આવે છે. અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા કન્ફર્મ કરવામાં આવેલ કોઇ પણ વિગત/માહિતીમાં ઉમેદવારની ચૂકના કારણે પાછળથી સુધારો કરવા અંગેની કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ.

(૧૨) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ

### (૧) નાગરિકત્વ :

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ પરંતુ પેટાક્રમાંક (ખ), (ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગમાં” નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના ‘પરિશિષ્ટ-ક’ મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના ‘પરિશિષ્ટ-૪’ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ ‘ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર’ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

(૬)(ડ) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અને તા. ૧૩-૯-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

**નોંધ-૧:** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા. ૨૬.૦૬.૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ તા. ૨૫.૦૧.૨૦૧૯ થી તા. ૧૨.૦૯.૨૦૧૯ સુધી ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાહેંધરી ઉક્ત

ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/EWS_SELF-DECLERATION_FORM.pdf આપવાની રહેશે. આયોગ જ્યારે EWS પ્રમાણપત્ર મગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઇના દૂરુપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

**નોંધ-૨:** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા. ૧૨.૦૬.૨૦૨૦ ની જોગવાઇઓને આધીન તા. ૦૧.૦૪.૨૦૧૬ થી તા. ૩૧.૦૩.૨૦૧૭ અને તા. ૦૧.૦૪.૨૦૧૭ થી તા. ૩૧.૦૩.૨૦૧૮ દરમિયાન ઇસ્યુ કરવામાં આવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર” (Non Creamy Layer Certificate) ને પણ માન્ય ગણવામાં આવશે પરંતુ આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલ પ્રમાણપત્ર સાથે ઉમેદવારે તેના “બિન ઉન્નત વર્ગના દરજ્જા” (Non Creamy Layer Status) માં કોઇ ફેરફાર થયેલ નથી તથા તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે મુજબનું બાંહેધરીપત્રક ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત થયેલા નમૂનામાં https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/NCLC_SELF-DECLERATION_FORM.pdf આપવાનું રહેશે. આયોગ જ્યારે NCLC પ્રામાણપત્ર મંગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઇના દુરુપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

## (૩) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો :

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં સ્પષ્ટ વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## (૪) વિધવા ઉમેદવાર :

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અચૂક લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાતમાં ઉમેરી આપવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે “વિધવા” બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે.

**જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

## (૫) પરીક્ષામાં પ્રવેશ :

(૧) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે. જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

(૨) જે ઉમેદવારોને પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે, તેઓને આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી online અરજીપત્રક તેમજ નિયત ફી ભર્યા બાદ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

(૩) ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકો અને જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજોની ભરતી નિયમો, પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## (૬) પરીક્ષા કેન્દ્રોની વિગત :

(૧) પ્રિલિમિનરી પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઇને આયોગ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવાની રહેશે. મુખ્ય લેખિત પરીક્ષા અમદાવાદ/ગાંધીનગર ખાતે તથા મૌખિક કસોટી ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૨) પ્રિલિમિનરી પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે અને પ્રિલિમિનરી પરીક્ષા માટેના પ્રવેશપત્ર https://gpsc-

ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. આ માટે આયોગ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવશે.

(૩) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા તથા મૌખિક કસોટીમાં તેમના પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

## (૭) રૂબરૂ મુલાકાત :

(૧) મુખ્ય પરીક્ષામાં આયોગે નિયત કરેલ લાયકી ગુણ મેળવનાર જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે.

(૨) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત)ના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(3) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનુ સાધન નથી તેવા ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૪) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડ વાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

## (૮) પરિણામ :

(૧) આખરી પરિણામ આયોગના નોટીસ બોર્ડ, વેબસાઈટ http://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર મૂકવામાં આવશે.

(૨) આખરી પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે.

(3) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ આયોગના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

**(૪) આ જાહેરાત માટે કોઇ પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે નહિ.**

## (૯) ગુણપત્રક :

(૧) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો રૂ. ૫૦-૦૦ નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઑર્ડર, ઓયોગની વેબસાઇટ પર ઓનલાઇન અથવા આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં રોકડેથી ફી સાથે આયોગને અરજી કરવાની રહેશે.

(૨) આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક, પોતાનું સરનામું બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે.

(૩) ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે. મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે.

## (૧૦) ગુણની પુન:ચકાસણી :

(૧) જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે રૂબરૂ મુલાકાતના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ રૂ. ૫૦-૦૦ની ફી સાથે અરજી કરી શકશે.

(૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર, અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે.

(૩) ફી અરજી સાથે રોકડેથી, ઓયોગની વેબસાઇટ પર ઓનલાઇન કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે.

(૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ. મોકલવાનો રહેશે.

(૫) ઉત્તરવહીઓનું પુન: મૂલ્યાંકન (Revaluation) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ.

(૬) ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

## (૧૧) નિમણૂક :

(૧) ઉમેદવારોને નિમણૂક માટે સામાન્ય રીતે મેરીટ ક્રમમાં આપવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી.

(૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી બોર્ડને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

(૩) નિમણૂક પામેલ ઉમેદવારે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તથા સરકારશ્રીના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૪) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

(૬) નિમણૂક બાદ પસંદ થયેલા ઉમેદવારને બે વર્ષની મુદત સુધી અજમાયશ (probation) ઉપર રાખવામાં આવશે.

(૭) આ સિવાય સરકારશ્રી/ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની પ્રવર્તમાન જોગવાઇઓ, ભરતી નિયમો, પરીક્ષાના નિયમોની જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હશે તો જ નિમણૂકને પાત્ર બનશે.

## (૧૨) ફી :

(૧) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૨) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૩) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

(૪) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

## (૧૩) ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanningમાં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને / અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું-હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

## (૧૪) અગત્યની સૂચના :

(૧) ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઈ મોબાઈલ સંદેશાવ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે.

(૨) ઉમેદવાર પ્રિલિમિનરી પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ.

(૩) ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં સાદી બેટરીથી સંચાલિત નોન –પ્રોગ્રામેબલ પોકેટ કેલ્ક્યુલેટર લાવવાની અને તેનો ઉપયોગ કરવાની છૂટ છે. પણ પરીક્ષા ખંડમાં, એક બીજા ઉમેદવારની વચ્ચે કેલ્ક્યુલેટરની અદલાબદલી થઈ શકશે નહિ.

(૪) અંધ ઉમેદવારને જે લહિયો મળવાપાત્ર છે તે વ્યક્તિની શૈક્ષણિક લાયકાત સ્નાતક કરતા નીચેની હોવી જોઈએ.

(૫) અંધ ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત-(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે.

ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

**(૧૫) મુખ્ય લેખિત પરીક્ષા માટેના અરજીપત્રક ભર્યા બાદ (https://gpsc-ojas.gujarat.gov.in) તેની સાથે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.**

(૧) એસ.એસ.સી.ઈ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડવાનું પ્રમાણપત્ર માન્ય નથી)

(૨) પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર.

(3) પદવીનું ગુણ પત્રક કે પત્રકો [માર્કશીટ્સ]

(૪) અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યા નું પ્રમાણપત્ર

(૫) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું તા. ૦૧-૦૪-૨૦૧૮ ના રોજથી જાહેરાતની છેલ્લી તારીખ સુધીના સમયગાળામાં મેળવેલ પ્રમાણપત્ર.

(૬) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫-૦૧-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના અગ્રેજીમાં "Annexure-KH" અથવા ગુજરાતીમાં "પરિશિષ્ટ-ગ" મુજબનુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.

(૭) શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનને આપેલ તબીબી પ્રમાણપત્ર

(૮) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર."

(૯) નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેજેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્ર ની નકલ.

(૧૦) વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ.

(૧૧) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેલવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ.

(૧૨) બિન અનામત ઉમેદવારોએ ભરેલ ફીની નકલ.

**<u>(૧૬) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.</u> (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) આયોગના ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(3) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલથી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.શૈ.પ.વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૯) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ.પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) જે ઉમેદવારોને પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે, તેઓને આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી online અરજીપત્રક તેમજ નિયત ફી ભર્યા બાદ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર નિયત

સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. મુખ્ય લેખિત પરીક્ષાના અરજીપત્રક સાથે જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો અપલોડ ન કરનાર ઉમેદવારોની અરજી અધુરી ગણીને રદ ગણવામા આવશે.

નોંધ : ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) હસ્તકની ઇજનેરી સેવા અંતર્ગત કાર્યપાલક ઇજનેર (સીવીલ) અને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ), ની જગ્યાના ભરતી નિયમો, પરીક્ષા નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, Annexure-KH/પરિશિષ્ટ-ગ નો નમૂનો, પરિશિષ્ટ-'ક'/પરિશિષ્ટ-'૪' નો નમૂનો, શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ રજુ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમુનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯-૨૩૨૫૮૯૮૦ ઉપરથી મળી શકશે.

સહી /-
(સચિન પટવર્ધન)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

<u>નોંધ:</u> ઓનલાઇન અરજી કરવાની રીત અને અરજી ફી ભરવાની રીત **https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay** ઉપર જોઈ શકાશે.

તા. ૧૦/૧૧/૨૦૨૦

GPSC

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

SECTOR 10-A, NEAR CHH-3 CIRCLE, CHH ROAD,
GANDHINAGAR – 382010

**R-7 BRANCH**

**Advt. No.: 41/2020-21** Online applications are invited from **date: 10/11/2020, 13:00 to date : 01/12/2020, 13:00** for the **posts of Executive Engineer (Civil), Class-I and Deputy Executive Engineer (Civil), Class-II in the Engineering Services under the Gujarat Water Supply and Sewerage Board(GWSSB).** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

- **Advertisement No. 41/2020-21 Combined competitve examinations for the recruitment to the posts of Executive Engineer (Civil), Class-I and Deputy Executive Engineer (Civil), Class-II**

**1) Tentative date/month of Primary Test, Result of Primary Test, Mains Examination, month of Mains Examination result, Interview and Category wise vacancy are shown below :**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative Date of Primary test | Tentative month of Primary test's result | Tentative Date of Mains Examination | Tentative month of Mains Examination result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 41/2020-21 | Executive Engineer (Civil), Class-I & Deputy Executive Engineer (Civil), Class-II | 14/03/2021 | April-2021 | 05, 06 & 13 June-2021 | September-2021 | November-2021 |

- **Final Result will be published during 10 working days after the last date of Interview.**

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 41/ | Class-I | | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2020-21 | Executive Engineer (Civil), Class-I | 08 | 04 | 00 | 04 | 00 | 00 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |
| | Class-II | | | | | | | | | | | | | |
| | Deputy Executive Engineer (Civil), Class-II | 20 | 09 | 01 | 10 | 00 | 00 | 03 | 00 | 03 | 00 | 00 | 00 | 00 |

## 2) Physically Disabled :

The candidates possessing disability as shown below only can apply for the respective post as shown against it.

| Advt. No. | Name of the Post | PH | Percentage |
|---|---|---|---|
| 41/2020-21 | Executive Engineer (Civil), Class-I & Deputy Executive Engineer (Civil), Class-II | H.H. | More than 40% Less than 100% |
| | | OA, OL | -- |

H.H.= HEARING HANDICAPPED

OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT)

## 3) Name of Post, Education Qualification, Age and Pay Scale Details

| Advt. No | Name of Post :- Executive Engineer (Civil), Class-I & Deputy Executive Engineer (Civil), Class-II | |
|---|---|---|
| 41/2020-21 | Education Qualification | (a) possess a Bachelor's degree of Engineering (Civil) or Technology (Civil) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possesses an equivalent qualification recognised by the Government.<br>Provided that the candidate who has appeared at a degree examination, the passing of which would render him educationally qualified for the Examination mentioned in sub-regulation (a), but the result is not declared, shall also be eligible for admission to the Preliminary Examination.<br>All candidates who are declared qualified by the commission for appearing in the Main Examination shall be required to produce proof of passing the degree examination along with their application for the Main Examination. The candidate who fails to produce the proof of passing the degree examination shall not be eligible for admission to Main Examination. |
| | Age | Note be more than 35 years. (A candidate shall not be less than 20 years of age and not be more than 35 years of age |

| | | |
|---|---|---|
| | | as on 01/12/2020 Age will be calculated as on the last date of receipt of application.) |
| | Pay Scale | (1) Executive Engineer(Civil) - Pay scale Rs. 67,700-2,08,700/- [Level-11] in the GWSSB service<br>(2) Deputy Executive Engineer(Civil) - Pay scale Rs. 53,100-1,67,800/- [Level-9] in the GWSSB service |

**4)** The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

**5)** Possess adequate knowledge of Gujarati or Hindi or Both.

**6)** Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SEBC/EWS category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SEBC/EWS category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman) (Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Physically Disabled | 10 Years (Maximum Up to 45 Years) |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 and amendment from time to time, A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is <u>not</u> prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is <u>not</u> prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**7)** **<u>Note :</u>**

(1) **The candidates selected in the above posts will be considered employees of Gujarat Water Supply and Sewerage Board (GWSSB). They will not be considered employees of the Government of Gujarat.**

(2) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(3) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(4) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(5) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(6) The online application is "Editable" till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the "Edit" option and update the details till the last date & time of Application. Do not make a new application.

(7) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(8) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(9) Candidates are requested not to send physical copy of the application to the Commission as of now. Candidates qualified for Main Written Examination (Provisional Result) only have to upload their required Certificates/Documents online on Commission's website **https://gpsc-iass.gujarat.gov.in** within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

Sd/-
(Sachin Patwardhan)
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:**

Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online and fees payment.